જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૩/૦૩/૨૦૧૮ મંગળવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૦૦/૧૮**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૮૬ કેસ કરી, ૭૨ વ્યક્તિઓને ઝડપી, ૫૮૭ લીટર દેશી દારૂ, ૧૪૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૩૧૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૪૬૪ બિયર ટીન, ૩ કાર અને ૨ સ્કૂટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૧૩૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૦૧/૧૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૮૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૫૦૨/૧૮**

**સરખેજઃ** હર્ષદભાઈ જયંતીલાલ ચૌહાણ (ઉ.વ.૪૭) (રહે. શ્રીનંદનગર વિભાગ-૫ વેજલપુર) એ તા.૧૨/૦૩/૧૮ નારોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે નવેમ્બર/ડેસેમ્બર ૨૦૧૫ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન સરખેજ મમતા કોમ્પલેક્ષ ત્રીજે માળે આવેલ ઓફીસ ખાતે આરોપી (૧) ગૌરાગભાઈ શાહ (પુષ્ટી પાઈપ ઈન્ડસ્ટ્રીઝના પ્રોપાઈટર) (ઓફીસ-ઓરસંગ રીવરફ્રન્ટની પાસે ધોળકીયા જી-છોટાઉદેપુર) તથા (૨) વિપુલ ગજ્જર (ઓથોરાઈઝ્ડ સીગ્નેટરી) H,D,F,C,બેંક ગ્રાઉન્ડ ફ્લોર અમૃત હોટલ પાસે બોડેલી ડભોઈ રોડ વડોદરા) નાઓએ ભેગા મળી ઈક્વીપમેંટ મશીનરીની ડીલેવરી કર્યા બાદ મંજુર થયેલ લોનની બાકી કિમત રૂપિયા ૧૨,૮૦,૦૦૦/- નહી આપી તથા ક્રન મશીનની ડીલેવરી લીધા બાદ મંજુર થયેલ લોનના પૈસા નહીં આપી વિશ્વાતઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.પી.સોનારા ચલાવે છે.

**માધવપુરાઃ** કુકરવાડા નાગરિક સહકારી બેન્ક લી.ઉંઝા શાખામાં બ્રાન્ચ મેનેજર કુંદનકુમાર મગનલાલ પટેલ (ઉ.વ.૪૫) (રહે. સરસ્વતી સોસાયટી કમાણા રોડ વિસનગર) એ તા.૧૨/૦૩/૧૮ નારોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માધવપુરા કુકરવાડા નાગરિક સહકારી બેન્ક લી.ખાતે બીજી વ્યક્તિનો ચેક રૂપિયા ૧૦,૧૯,૭૦૦/- કૌશિકકુમાર નરોત્તમભાઈ પટેલ (રહે. પૂજન ફ્લેટ ભૂમિ પાર્ટી પ્લોટ પાસે સોલા રોડ નારણપુરા) નાઓના ખાતામાં શરતચુકથી જમાં થઈ જતા કૌશિકકુમાર પટેલે તા.૦૬/૧૨/૧૭ બપોરના ૧/૪૫ થી તા.૧૯/૧૨/૧૭ સુધીના સમયગાળા દરમ્યાન નાણાં ઉપાડી લઈ બેન્ક સાથે છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.જી.પરમાર ચલાવે છે.

**ખાડીયાઃ** પિંકેશભાઇ માધવલાલ શાહ (ઉ.વ.૪૪) (રહે. હરમેન ગાર્ડન એપાર્ટમેન્ટ ઘોડદોર રોડ સુરત) એ તા.૧૨/૦૩/૧૮ નારોજ ખાડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૨/૧૮ નારોજ માણેકચોક ધુસા પારેખ પોળ આરએસ.પાર્સલ સર્વિસ નામની પેઢીમાં આરોપી (૧)સુરેશભાઇ પ્રજાપતિ અને (૨) નરેન્દ્ર મફાજી ઠાકોર (રહે. ગામ-ઇલમપુર તા-પાટણ જીલ્લો-પાટણ) નાઓને કુલ રૂપિયા ૭૦,૭૧,૦૦૦/- આંગડીયુ કરવા સારૂ મોકલેલ હોય જે આંગડીયુ નહી પહોંચાડી પિંકેશભાઇ શાહ સાથે વિશ્વાતઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.ડી.ચૌધરી ચલાવે છે.

**દરીયાપુરઃ** જયેશભાઇ વિષ્ણુપ્રસાદ મોદી (રહે. સુરજ ભવન જોર્ડન રોડ દરીયાપુર) એ તા.૧૨/૦૩/૧૮ નારોજ દરીયાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી સંજયભાઇ કેશવલાલ વેદાત (રહે. વ્રજભુમી-૨ વાપી દમણ રોડ વલસાડ) એ જયેશભાઈ મોદીને વિશ્વાસમાં લઈ તા.૦૭/૦૧/૨૦૧૮ કલાક ૧૧/૩૦ નારોજ જયેશભાઈની મારૂતી સુઝુકી ઇકો ગાડી નંબર જીજે ૦૧ આરપી ૮૩૭૮ કિમત રૂપિયા ૩,૦૦,૦૦૦/- લઈ જઈ આજદીન સુધી પરત નહી આપી વિશ્વાતઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.એલ.રાઓલ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૫૦૩/૧૮**

**સોલા હાઈકોર્ટઃ** રાજેશભાઇ મદનમોહન બાસ (રહે. વંદે માતરમ ટાઉન શીપ શ્રીનાથ એવેન્યુ સામે વંદે માતરમ રોડ ગોતા સોલા) એ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૦૩/૧૮ સવારના ૧૧/૪૫ થી બપોરના ૩/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧,૪૩,૫૦૦/- અને રોકડ રૂપિયા ૧૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૫૮,૫૦૦/ મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એમ પરમાર ચલાવે છે.

**ઘાટલોડીયાઃ** શૈલેષકુમાર નાનચંદ શાહ (રહે. અનનોલ રેસિડેન્સી વિભાગ-૪ ટેલીફોન એક્ચેન્જની બાજુમાં ઘોડાકેમ્પ રોડ શાહીબાગ) એ તા.૧૨/૦૩/૧૮ નારોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૦૩/૧૮ રાતના ૮/૦૦ થી તા.૧૨/૦૩/૧૮ બપોરના ૨/૦૦ વાગ્યા દરમ્યાન તિર્થનગર સોસાયટી વિભાઅગ-૩ મેમનગર સરકારી વસાહત સામે આવેલ પોતાના મકાનની બારીની ગ્રીલ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના,વાસણો, ઘડીયાળ મળી કુલ રૂપિયા ૭,૮૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જી.એસ.પટેલ ચલાવે છે.

**સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૫૦૪/૧૮**

**સરદારનગરઃ** વિશાખાબહેન હાર્દીકભાઇ દવે (રહે.એફ.વોર્ડ પ્રમુખ સોસાયટી સરગાસણ ગાંધીનગર) તા.૧૧/૦૩/૧૮ કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે રાજાવીર સર્કલ આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષો વિશાખાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૪૫,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ વિશાખાબહેને સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પોસ.ઈ.શ્રી એમ.એમ.ઠાકોર ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૫૦૫/૧૮**

**રિવરફ્રંટ વેસ્ટઃ** પ્રકાશકુમાર નવાજી પ્રજાપતી (ઉ.વ.૪૦) (રહે.એડ્રેસ-પર ધ્વની ટેર્નામેન્ટ મ્યુ.સ્કુલની પાછળ ઇસનપૂ ર) એ બિમારીથી કંટાળી તા.૧૧/03/૧૮ રાતના ૮/30 વાગ્યા પહેલા આંબેડકરબ્રીજ નીચે નદીના પાણીમા ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હસમુખભાઇ મગનભાઇ ચલાવે છે.

**ગુજરાત યુનિવર્સિટીઃ** માનસીબહેન સંજયભાઈ પટેલ (ઉ.વ.૧૭) (રહે.સુરેશ્વરી સોસાયટી રવિકુંજ સોસાયટી પાસે નારણપુરા) એ અગમ્ય કારણસર તા.૧૨/03/૧૮ બપોરના ૧૨/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધીગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ગુજરાત યુનિવર્સિટી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.બી.કાળે ચલાવે છે.

**સરદારનગરઃ** સીતાદેવી અરવિંદકુમાર ચોરસિયા (રહે.પરષોતમદાસની ચાલી ઓઝોન સિટી સામે આઇ.ટી.આઇ. નોબલનગર સરદારનગર) એ અગમ્ય કારણસર તા.૧૨/03/૧૮ બપોરના ૨/00 વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.જી.ધિલ્લોન ચલાવે છે.

**કાગડાપીઠઃ** હાન્નાહ વા/ઓ સ્ટીવન દાસ (ઉ.વ.૬૮) (રહે. ક્રિશ્ચયન સોસાયટી સી.એમ.આઇ ચર્ચની સામે બહેરામપુરા) એ બિમારીથી કંટાળી તા.0૬/03/૧૮ બપોરના ૪/30 વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે જીવરાજ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જયાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયુંહતુ. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ વુ.પો.સ.ઈ.શ્રી વી.એલ.વાઘેલા ચલાવે છે.

**નારોલઃ** મનિષાબહેન ડો/ઓ લક્ષ્મણભાઇ દંતાણી (ઉ.વ.૧૭) (રહે.કેરલનગર નારોલ કોર્ટ પાછળ નારોલ) એ અગમ્ય કારણસર તા.૧૨/03/૧૮ કલાક ૬/00 વાગ્યાના સુમારે પોતાના ઘરે એસીડ પી લીધુ હતુ સારવાર માટે એલ.જી. હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુઆ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એસ.ખાંટ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.